# IIT-GNમાં યોજાયો સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ





અમદાવાદ : ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા આજે 'વર્લ્ડ યૂથ સ્કિલ ડે'નું સેલિબ્રેશન કરવામાં આવશે. જેમાં સ્ટુડન્ટ્સ દ્વારા વર્કશોપ દરમિયાન તૈયાર કરવામાં આવેલી પ્રોડક્ટને ડિસ્પ્લેમાં મૂકવામાં આવશે. સ્ટુડન્ટ્સ દ્વારા લાકડાના સ્ટુલ્સ, બેન્ચિસ, મેટલ સ્ટેન્ડ, મેટલ ફોલ્ડિંગ કોટ, ગ્રીલ સેક્શન, ગીયર અને પાર્ટ્સ વગેરે પ્રોડક્ટ તૈયાર કરી હતી. બે મહિના ચાલેલા આ પ્રોગ્રામમાં ૧૮ થી ૨૮ વર્ષની ઉંમરના ૨૫ યંગસ્ટર્સ જોડાયા હતા. આજે પાર્ટિસિપન્ટ્સ દ્વારા તૈયાર કરવામાં આવેલી પ્રોડક્ટને ડિસપ્લેમાં મૂકવામાં આવશે.